# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-07-2024 Midday : 1.20 to 1.30
Day : Wednesday National News

આકાશવાણી- સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- કેરળના વાયનાડમાં ભૂસ્ખલન દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 157થયોઃ 100 લોકો ગુમ
- કેન્દ્ર સરકારના રોજગાર માટેનાં પોર્ટલ નેશનલ કરિયર સર્વિસ – N.C.A. પર ઉપલબ્ધ નોકરીઓનો આંકડો 20 લાખને પાર
- અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનાં 320 કિલોમીટરનું માળખાકીય કામ પૂર્ણ થયું હોવાનું જણાવતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ
- ઈરાનના તેહરાનમાં આતંકવાદી જુથ હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હનયાહની હત્યા
- કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં શનિવાર સુધી અતિ ભારે વરસાદની હવામાન વિભાગનીઆગાહી
- પેરિસ ઓલિમ્પિકમાં આજે ભારત મુક્કેબાજી, તીરંદાજી, બેડમિન્ટન, નિશાનેબાજીસહિતની સ્પર્ધાઓમાં ભાગ લેશે

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## VAYNADLAND SLIDE

કેરળના વાયનાડમાં થયેલા ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને 157 થયો છે, જ્યારે વિવિધ હોસ્પિટલમાં 186 જેટલા લોકો સારવાર લઈ રહ્યા છે. અને લગભગ 100 લોકો ગુમ

હોવાના અહેવાલ છે, આ સંખ્યા વધવાની પણ શક્યતા છે. બચાવ કાર્યકર્તાઓએ વાયનાડના મુંડક્કાઈમાંથી વધુ મૃતદેહોને બહાર કાઢ્યા હતા અને કાટમાળ નીચે વધુ મૃતદેહો દટાયેલા હોવાની શકયતા છે. મલપ્પુરમ જિલ્લામાં ચાલિયાર નદીમાંથી ગઈકાલે ભૂસ્ખલનમાં તણાઇ ગયેલા વધુ મૃતદેહો બહાર કાઢવામાં આવી રહ્યા છે.

## NCA PORTAL FOR JOB

કેન્દ્ર સરકારે તૈયાર કરેલા નેશનલ કરિયર સર્વિસ – **N.C.A.** પૉર્ટલ પર ઉપલબ્ધ નોકરીઓનો આંકડો 20 લાખને પાર પહોંચ્યો છે. આ પૉર્ટલ પર હાલમાં વિવિધ ક્ષેત્રમાં નોકરી ઉપલબ્ધ છે. આમાં ફાઈનાન્સ અને ઈન્શ્યોરન્સમાં 14.7 લાખ, ઑપરેશન અને સપોર્ટમાં 1.08 લાખ અને સર્વિસીઝ એક્ટિવિટીમાં 75 હજાર નોકરી સામેલ છે.

આ તમામ નોકરીઓ ધોરણ 12 પાસ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા – **I.T.I.** અને ડિપ્લોમાડિગ્રી ધારકો માટે છે. ઉલ્લેખનીય છે કે, નોકરી શોધતા અને નોકરીદાતાઓ માટે કેન્દ્ર સરકારે આ પૉર્ટલ બનાવ્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલય સંચાલિત આ પૉર્ટલ નોકરી શોધવા માટે એક સારું માધ્યમ બની ગયું છે.

## LS-VAISHNAW BULLETTRAIN

સરકારે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે. **આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નનાં જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, દેશમાં પ્રથમ વાર દરિયાની 30 મીટર નીચજે 21 કિલોમીટર લાંબી ટનલનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, પ્રોજેક્ટનાં 320 કિલોમીટરનું માળખાકીય કામ પૂર્ણ થઈ ગયું છે અને આત્મનિર્ભર ભારત ઝૂંબેશ હેઠળ અનેક પહેલ ચાલી રહી છે.**

**દરમિયાન, જાતિ આધારિત વસતી ગણતરી મુદ્દે વિપક્ષોનાં શોરબકોર બાદ લોકસભાની કાર્યાવાહી 12 વાગ્યા સુધી સ્થગિત કરવામા આવી હતી. 12 વાગે ગૃહની કાર્યવાહી પુનઃ શરૂ થઈ હતી.**

## SHEKHAWAT-HERITAGE

પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ક્ષમતા નિર્માણ અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા દેશની સંસ્કૃતિ અને વારસાના સંરક્ષણ તરફ સરકારના પ્રયાસોની પ્રશંસા કરી છે.

આજે નવી દિલ્હીમાં  પત્રકારો સાથે વાત કરતાં શ્રી શેખાવતે કહ્યું હતું  કે સરકાર શક્ય તેટલા વધુ ભારતીય સ્થળોને વૈશ્વિક વારસા સૂચિમાં સામેલ કરવા માટે પ્રયાસો કરી રહીછે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા 10 વર્ષમાં 13 સ્થળોનો આ સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દેશમાં પ્રથમ વખત વિશ્વ વારસા સમિતિની બેઠક યોજવામાં આવી હતી તે અંગે વાત કરતાં તેમણે ભારતે કામચલાઉ યાદીમાં વધુ 53 સ્થળોના નામ સબમિટ કર્યા હોવાનું જણાવ્યું હતું.

## DHARMENDRA-NATS PORTAL

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગઇકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ અનેતાલીમ યોજના- NATSના બીજા તબક્કાનું પોર્ટલ લોન્ચ કર્યું હતું. શ્રી પ્રધાને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ દ્વારા તાલીમની રકમ તરીકે 100 કરોડ રૂપિયા જારી કર્યા છે. આ પ્રસંગે શ્રીપ્રધાને કહ્યું કે, આ મંચ વિદ્યાર્થીઓને તેમના કૌશલ્યને વધારવા અને ઉદ્યોગ સંસ્થાઓ સાથે જોડાવવાની તક પ્રદાન કરશે.

તેમણે કહ્યું કે, આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને છ મહિનાથી 18 મહિનાના એપ્રેન્ટીસશીપ સમયગાળા દરમિયાન દર મહિને 4 હજાર 500 રૂપિયા સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવશે. તેમણે કહ્યું કે, સરકાર દેશના યુવાનોના કૌશલ્ય વિકાસ પર ધ્યાન આપી રહી છે. શિક્ષણ મંત્રીએ ઉદ્યોગ સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને આ

પોર્ટલ સાથે જોડાવા વિનંતી કરી હતી. નોંધનીય છે કે, આ યોજનાનો મુખ્ય હેતુ યુવાનોની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા અને તેમને ભવિષ્ય માટે તૈયાર કરવાનો છે.

## PREZ GOVERNORSCONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં રાષ્ટ્રપતિ ભવન ખાતે આ શુક્રવારે રાજ્યપાલોનું 2 દિવસીય સંમેલન યોજાશે. રાષ્ટ્રપતિની અધ્યક્ષતામાં યોજાનારું રાજ્યપાલોનું આ પહેલું સંમેલન છે. રાષ્ટ્રપતિ સચિવાલયે જણાવ્યા પ્રમાણે તમામ રાજ્યોના રાજ્યપાલ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહેશે.

## PREETI SUDAN

ભૂતપૂર્વ કેન્દ્રીય આરોગ્ય સચિવ અને 1983નીબેચના IAS અધિકારી પ્રીતિ સુદાનની કેન્દ્રીય જાહેર સેવા આયોગ UPSCના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુશ્રી સુદાનની નિમણૂકને મંજૂરી આપી છે. તેઓ આવતીકાલથી તેમનો કાર્યભાર સંભાળશે. શ્રીમતી સુદાન ડૉ મનોજ સોનીનું સ્થાન લેશે, જેમણે તેમના કાર્યકાળના અંત પહેલા આ મહિનાની શરૂઆતમાં રાજીનામું આપ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર આપ . અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ સમાચાર . માટે આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## GOVERNORS TAKES OATH

ઝારખંડના રાજ્યપાલ તરીકે સંતોષ ગંગવાર અને મણિપુરના રાજ્યપાલ તરીકે લક્ષ્મણપ્રસાદ આચાર્યએ આજે શપથ લીધા હતા. રાંચી સ્થિત રાજભવનના બિરસા મંડપમાં આયોજિત સમારોહમાં ઝારખંડ વડી અદાલતના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ સુજીત નારાયણ પ્રસાદે શ્રી ગંગવારને શપથ લેવડાવ્યા હતા.

દરમિયાન, મણિપુરની રાજધાની ઇમ્ફાલમાં રાજભવન ખાતે મણિપુર વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સિધ્ધાર્થ મૃદુલે લક્ષ્મણપ્રસાદ આચાર્યને રાજ્યપાલ પદનાં શપથ લેવડાવ્યા હતા. પંજાબના રાજ્યપાલ તરીકે ગુલાબચંદ કટારિયાએ શપથ લીધા છે. પંજાબ અને હરિયાણા વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ શીલ નાગુએ તેમન શપથ લેવડાવ્યા હતા.

તેલંગાણાના નવનિયુક્ત રાજ્યપાલ જિષ્ણુદેવ વર્મા આજે સાંજે હૈદરાબાદના રાજભવન ખાતે શપથગ્રહણ કરશે. વર્તમાન રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## ISMAIL HANIYEHDEATH

ઈરાનના તેહરાનમાં આતંકવાદી જુથ હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હનયાહની હત્યા કરવામાં આવી છે. હનયાહ ગઈકાલે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે શહેરમાં હતો ત્યારે તેના નિવાસસ્થાને તેના એક અંગરક્ષક સાથે માર્યો ગયો હતો. ઈસ્લામિક ક્રાંતિકારી ગાર્ડ કોર્પસ તરફથી આહત્યા અંગે વધુ કોઈ વિગતો આપવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે આતંકવાદી જુથ હમાસનો વડો એવો ઈસ્માઈલ હનીયેહ ઘણી શાંતિ વાટાઘાટોમાં સક્રિય હતો. દરમિયાન, ઇઝરાયેલે લેબેનોનની રાજધાની બેરુતમાં કરેલા વિસ્ફોટમાં હિઝબુલ્લાહના કમાન્ડરનું મૃત્યુ થયું છે. ઇઝરાયેલે દાવો કર્યો હતો કે, આ કમાન્ડરે ગયા સપ્તાહમાં ઇઝરાયેલના અંકુશ હેઠળનાં ગોલાન હાઇટ્સ પર હૂમલો કર્યો હતો.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે ઉત્તર-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ, પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતમાં આગામી થોડા દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા કરી છે.

હવામાન વિભાગે કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં આ શનિવાર સુધી અત્યંત ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ઉપરાંત દેશના અનેક સ્થળ પર આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

# PARIS OLYMPICS TODAY MATCHES

પેરિસ ઑલિમ્પિક્સના પાંચમા દિવસે આજે ભારતના મુક્કેબાજ, તીરંદાજ, બેટમિન્ટન ખેલાડી અને નિશાનેબાજ પોતપોતાની સ્પર્ધા રમશે. ટોક્યોમાં કાંસ્ય ચંદ્રક જીતનારાં મુક્કેબાજ લવલિના બોર્ગોહાઈન નૉર્વેનાં સુન્નીવા હૉક્સટાડની સામે રમશે. નિશાનેબાજીમાં ઐશ્વરી પ્રતાપ સિંહ તોમર પુરૂષોની 50 મીટર રાઈફલ થ્રિ પોઝિશન ક્વાલિફિકેશન સ્પર્ધામાં રમશે. મહિલાઓની ટ્રેપ નિશાનેબાજી ક્વાલિફિકેશનના પહેલા દિવસે 68 પૉઈન્ટ મેળવનારાં શ્રેયસી સિંહ અને રાજેશ્વરીકુમારી ક્વાલિફિકેશન રાઉન્ડના બીજા દિવસે આજે સ્પર્ધામાં પરત ફરશે.

બેડમિન્ટન ગૃપ તબક્કામાં પુરૂષ સિંગલ્સમાં એચ. એસ. પ્રણોયનો સામનો વિએતનામના ડક ફ્રેટ લે સાથે થશે. જ્યારે લક્ષ્ય સેન ઇન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટી સામે રમશે. મહિલાઓના સિંગલ્સ ગૃપ તબક્કામાં પી. વી. સિંધુ એસ્ટોનિયાનાં ક્રિસ્ટીન ક્યૂબા સામે રમશે. જ્યારે મહિલાઓના સિંગલ્સમાં 32મા તબક્કામાં ટેબલ ટેનિસમાં શ્રીજા અકુલા સિંગાપોરનાં ચિયાન જેન્ગ સામે રમશે. તીરંદાજીમાં પુરૂષોના એલિમિનેશન રાઉન્ડમાં તરૂણદીપ રાય અનેમહિલાઓના એલિમિનેશન રાઉન્ડમાં દિપીકાકુમારી રમશે.

મહિલાઓની 54 કિલો વજન વર્ગના 16મા રાઉન્ડની મુક્કેબાજી સ્પર્ધામાં પ્રીતિ પવાર આજે કોલમ્બિયાના એની એરિયાસ સામે સ્પ્લિટ નિર્ણયમાં 3—2થી હારી ગયાં હતાં. ભારતે અત્યાર સુધી 2 ચંદ્રક જીત્યા છે. બંને ચંદ્રક નિશાનેબાજીમાં આવ્યા છે. મનુ

ભાકરે મહિલાઓની 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો. ત્યારબાદ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં મનુ ભાકરે સરબજોત સિંહની સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

## INDIA-CONER-UNIVERSITY

શ્રીલંકાના કેન્ડીમાં પેરાડેનિયા યુનિવર્સિટીમાં સ્થાપિત ઈન્ડિયા કોર્નરને ભારતના મદદનીશ ઉચ્ચાયુક્તએ પુસ્તકો સોંપ્યા છે. ભારત-શ્રીલંકા વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને ભારતના વારસા અને વિવિધતાને પ્રદર્શિત કરવા માટે, આ પગલું લેવાયું છે. ઈન્ડિયા કોર્નર પાસે અંગ્રેજી, હિન્દી, તમિલ ભાષાના સાહિત્ય, ભારતીય કલા, સંસ્કૃતિ અને અન્ય ક્ષેત્રોના વિવિધ પુસ્તકો છે. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયા કોર્નરએ ભારતીય શાસ્ત્રીય સંગીત, ભારતીય સંગીતનાં સાધનો, તહેવારો, ભોજન અને સંસ્કૃતિનો અનુભવ કરવા માટે ભારતના વારસા અને વિવિધતાને પ્રદર્શિત કરવા માટે બનાવાયું છે.

## JAPAN EARTHQUAKE

જાપાનના ટોક્યોના મેટ્રોપોલિટન વિસ્તારમાં આજે સવારે 4.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જાપાનની હવામાન સંસ્થાના જણાવ્યા પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર બિંદુ 120કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. જોકે સુનામીની કોઈ ચેતવણી આપવામાં આવી ન હતી. ભૂકંપના આંચકાને કારણે કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.